ટ્રાન્સપોર્ટ અન્ડર ટેકિંગમાં ઈન-હાઉસ વર્ષ ઈન-હાઉસ બોડી બિલ્ડીંગ કરવા થનાર છે. અમદાવાદમાં નરોડા ખાતે

# મીઠાપુરની ટાટાકેમ ડી.એ.વી. સ્કૂલ ખાતે કાનૂની સેમીનાર યોજાયો

## શારીરિક સતામણી, પ્રોકસો તેમજ હેરેસમેન્ટ એકટની માહિતી અપાઈ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**





દ્વારકા,તા.૧૪

દેવભૂમિ દ્વારકા જીલ્લાના ઔદ્યોગિક શહેર મીઠાપુર ખાતે આવેલી મીઠાપુર ટાટાકેમ ડી.એ.વી. પબ્લિક સ્કૂલમાં ગુરૂવારના રોજ શાળાની અંદરના પટાંગણમાં એક કાનૂની માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ઓખા કોર્ટના જજસાહેબ મીઠાપુર સુરજકરાડી તેમજ ઓખા તથા દ્વારકાના વકીલો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આ કાનૂની સેમિનારમાં મીઠાપુર ટાટા કેમિકલ્સના ટાઉન ડીપાર્ટમેન્ટના હેડ પણ સહર્ષ જોડાયા હતા.

આ સેમીનાર દરમિયાન જજ તથા ઉપસ્થિત રહેલા વકીલો દ્વારા સ્કૂલના વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થીનીઓને શારીરિક સતામણી, પ્રોકસો એકટ તેમજ કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક હેરેસમેન્ટ હોય તો કયાં પગા લેવા તેમજ કોઈપણ પ્રકારનો ડર રાખ્યા વગર આવું કંઈ પણ થાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ નોંધાવવા વિશે માર્ગદર્શન પુરૂં પાડયું હતું. તથા કેસોમાં સરકાર દ્વારા શું પગલા લે છે તેના વિષે સમજણ પૂરી પાડી હતી, ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પણ પૂછાયેલા પ્રશ્નોનું સંતોષકારક નિવારણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજનમાં વિશેષ ફાળો શાળાના પ્રિન્સીપાલ આર.કે.શર્મા સાહેબનો રહ્યો હતો.(૫.૭)

કાનજી સાથે ખરાબાની જમીન બાબત

તપાસ આદરી છે.(૧.૮)





# મીઠાપુર ટાટાકેમ ડી.એ.વી. પબ્લિક સ્કૂલમાં યોજાયેલ કાનુની માર્ગદર્શન સેમીનાર

(દિવ્યેશ જટણીયા દ્વારા) મીઠાપુર તા ૧૪ : દેવભૂમિ દ્વારકા જીલ્લાના ઔદ્યોગિક શહેર મીઠાપુર ખાતે આવેલી મીઠાપુર ટાટાકેમ ડી.એ.વી. પબ્લિક સ્કૂલમાં ગત તારીખ ૧૩/૧૨/૨૦૧૮ ને ગુરૂવાર ના રોજ શાળાની અંદરના પાટાંગણમાં એક કાનૂની માર્ગદર્શન સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં ઓખા કોર્ટના જજ સાહેબશ્રી, મીઠાપુર સુરજકરાડી તેમજ ઓખા તથા દ્વારકા ના નામી વકીલો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત કાનૂની સેમિનારના મીઠાપુર ટાટા કેમિકલ્સના ટાઉન ડીપાર્ટમેન્ટના હેડ પણ સહર્ષ જોડાયા હતા. આ સેમિનાર દરમ્યાન જજ સાહેબ તથા ઉપસ્થિત રહેલા વકીલો દ્વારા સ્કુલના વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીનીઓ ને શારિરિક સતામણી, પ્રોકસો એકટ તેમજ કોઈપણ પ્રકારની શારીરિક કે માનસિક હેરસમેંટ હોય તો કયા પગલા લેવા તેકજ કોઈ પણ પ્રકારનો ડર રાખ્યા વગર આવૂ કંઈ પણ થાય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનમાં જઈ ફરિયાદ નોંધાવવા વિષે માર્ગદર્શન પુરૂ પાડયું હતું. તથા આવા કેસોમાં સરકારશ્રી દ્વારા શું પગલા લે છે તેના વિષે સમજણ પૂરી પાડી હતી. ત્યારબાદ વિદ્યાર્થી દ્વારા પણ પુછાયેલા પ્રશ્નોનું સંતોષકારક નિવારણ કરવામાં આવ્યું હતું આ સમગ્ર આયોજનમાં વિશેષ ફાળો શાળાના પ્રિન્સીપાલ શ્રી આર.કે. શર્મા સાહેબનો રહ્યો હતો. (૩.૪)

30 મીલો જ ચાલુ

# ...શ મળતું નથી થઇ બેઠા છે...!

જરૂરીયાંત સામે માર્કેટીંગ યાર્ડ અને દરરોજ ૮ થી ૧૦ હજાર ગુણીની આવક છે. જેમાં મીલરોને ૮ કલાક મીલ ચાલુ રાખી શકતા નથી જયારે બાકીની મગફળી ટેકાનાં ભાવમાં સરકાર લઈને સંગ્રહ કરે છે જેથી મીલો, મજુરો, વેપારી, કમીશન એજન્ટો વગેરેનાં ધંધામાં ગ્રહણ લાગી ગયુ છે. (૫-૧૯)

Vivo V9
Dual Rear Camera